સમભાવ સાથે સૌથી સમતોલન રાખ્યું છે,
ગાંભીર્ય સાથે પણ માર્મિક હાસ્ય રાખ્યું છે,
સાંખ્યું છે 'સુપ્રભાતમ્' તમે, આભારી છું સૌનો -
માન, સન્માન સાથે આપે હૃદયમાં રાખ્યું છે.
('સુપ્રભાતમ્' ને આપના હૃદયસ્થ અઢાર વર્ષ પૂરાં)

હાઈકુ

વાચક મિત્રો!
ઋણી છું હૃદયથી -
સૌને વંદન
(-સુપ્રભાતમ્)

વગાડે શબ્દો,
મારી લેખિની વાદ્યે -
વીણાવાદિની...
(દેવી સરસ્વતીને વંદન)

ચિંતન

અહમેવ ગુરુઃ સુદારૂણાનામિતિ, હલાહલ મા સ્મ તાત દેષ્યઃ ।
નનુ સન્તિ ભવાદૃં શા નિ ભૂયો, ભુવને અસ્મિન્ વચનાનિ દુર્જનાનામ્ ॥

હે બાપ! હળાહળ ઝેર! તું તારા મનમાં એવું અભિમાન રાખીશ જ નહીં કે, 'મારા જેવું કોઇ હળાહળ ઝેરીલો પદાર્થ આ વિશ્વમાં બીજો કોઇ છે જ નહીં!' કારણ કે દુર્જન-દુષ્ટ-લોકોનાં કટુ ઝેરી વચનનો આઘાત તો તારાં હળાહળ ઝેરથી પણ વધારે કઠોર હોય છે'

કેટલાંક લોકોની જીભ જાણે કાતર જેવી હોય છે, તલવાર જેમ એક ઘા અને બે કટકા કરે છે તેમ એમની વાણી-ભાષા-વિચારમાં એક એવી કટુતા ભરી હોય છે સાંભળનારનું હૈયું - હૃદય-કપાઇ જાય છે.

એવી વિષભરી વાણી બોલનારને સામેની વ્યક્તિ પર શું વિતશે એનો તો વિચાર જ નથી હોતો. એવાં નિષ્ઠુર અને નિર્દય હોય છે.

કવિ અહીં હલાહલ ઝેરને ઉદ્દેશીને કહે છે તારાથી પણ ઝેરીલી દુષ્ટ જનની વાણી છે માટે તારે અભિમાન ન કરવું.

સુવિચાર

- માણસને જીવનની પ્રતિષ્ઠા 'DIGNITY OF LIFE' સાચવતાં આવડવું જોઇએ, સુખ આગળ માણસ લોભી અને હાંફળોફાંફળો બને એ ન જ પોસાય. તેમજ દુઃખ આગળ માણસ હારે, અભિભૂત થાય એ પણ ન પોસાય - કાંતિ ભટ્ટ
- ગુજારે રે શિરે તારે જગતનો નાથ તે સ્હેજે,
  ગણ્યું જે પ્યારું પ્યારાને અતિ પ્યારું ગણી લે જે - અખંડ આનંદ
- જેની પાસે કંઇ નથી તેની પાસે ડરનાં કારણો ઓછાં છે, જેની પાસે ઘણું બધું છે તેને ડરનાં કારણો પણ એટલાં વધારે હોય છે - એસ. ભટ્ટાચાર્ય
- જીંદગીના પંથ પર જે કંઇ મળે તેને માણવું, અપનાવવું અને આગળ જવું - આગળ વધવા જ ના દે તેવી આસક્તિનું લંગર ના નાખવું, એમાં જ મજા છે - જીવનસૂત્ર
- મહેલમાં રહીને આંખ સામે ઝુંપડીઓ જોવા કરતાં ઝુંપડીમાં રહીને મહેલ જોવામાં વધુ મઝા છે - કાર્લાઇલ
- તમારી જીંદગીમાં કેટલા સુખો કે દુઃખો છે તેનું બહુ મહત્ત્વ નથી, તે તમારી જીંદગીનાં વસ્ત્ર પરના ડાઘા બન છે કે શોભાનાં આભલાં બને છે તેની ઉપરથી જ તેની કિંમત થશે - ગુણવંત શાહ
- પૈસાદાર એમ જ માનતો હોય છે કે જે એનાથી વધુ ધનિક છે તે એની દૃષ્ટિએ ચોર છે અને જે એનાથી ઓછા પૈસાદાર છે તે એની દૃષ્ટિએ બેવકૂફ છે - એસ.એમ.એસ.

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

માણસે પ્રયત્ન અને પુરૂષાર્થ ચાલુ રાખવાં જોઇએ. ધ્યેય નિશ્ચિત હોય એ ખરું, પણ એ તરફની ગતિ મક્કમ અને શ્રદ્ધાપૂર્ણ હોવી જોઇએ. ગીતાજી પણ કહે છે તારો અધિકાર માત્ર કર્મ કરવાનો છે ફળ પ્રાપ્તિનો નહીં. ધીમે ધીમે પણ મક્કમ મનોબળથી આગળ વધવું જોઇએ.

એક યાત્રાળુ ને ઊંચે પહાડ પરના મંદિરે પહોંચવાનું હતું સાંજ ઢળી ગઇ હતી આખી રાત પગથિયાં ચઢે તો જ વહેલી સવારે મંદિરે પહોંચી શકે એમ હતું. તેણે ફાનસ સાથે લઇ જવાનો વિચાર કર્યો. દૂકાનદાર પાસે નાનાં-નાનાં ફાનસ જ હતા.

મુસાફર કહે આવાં નાનાં ફાનસથી તો માંડ એક-બે પગથિયાં જ દેખાશે!

દૂકાનદારે સ્મિત સાથે કહ્યું, ટોચ જોયા કરવાથી કંઇ તમે શિખરે થોડા પહોંચી જવાના છો? આ ફાનસના અજવાળે તમે નજીકના એક-બે પગથિયાં જોઇને જ મક્કમ મનોબળથી, શ્રદ્ધા-વિશ્વાસથી, ધીરજપૂર્વક એક-એક પગથિયું ચઢસો તો સવાર સુધી જરૂર મંદિર સુધી પહોંચી જ જશો.

સફળતા, મક્કમ મનોબળના પ્રવાસમાં છે મુકામમાં નથી.

Email - sureshchandrabhatt18@gmail.com

'સુપ્રભાતમ્'ના ૧૯મા વર્ષના મંગલાચરણે શુભકામનાઓ

● નિયમિત કોલમ - તેને અનુષ્ઠાન કહીએ તો અતિશયોક્તિ નહિ ગણાય!

૧૯૯૬થી શરૂ થયેલ આપની સાહિત્ય - સફર દ્વિદશાબ્દિ તરફ ગતિ કરી રહી છે તે આનંદ તથા ગૌરવનો વિષય છે. ગાંધીનગરની સવારમાં આપે મેઘધનુષી રંગો પૂર્યા છે. નિયમિત કોલમ અને તે પણ આટલી ચિવટથી ચલાવવી તેને અનુષ્ઠાન કહીએ તો અતિશયોક્તિ નહિ ગણાય. આપના તરફથી કાળજીપૂર્વક પસંદગી કરીને રજૂ થતાં સુવિચાર અને બોધકથાનો એક નાનો - શો તણખો પણ અંતરમાં ઉજાસ પ્રગટાવી શકે છે. શબ્દ બ્રહ્મ છે અને તેથી આપની આ બ્રહ્મ ઉપાસનાનો અનોખો સ્વાધ્યાય છે. ૧૯મા વર્ષમાં પ્રવેશના આ મંગળ પ્રભાતે યુવાન કોલમના યુવાન સંપાદકનું સ્વાગત - અભિવાદન કરું છું. શિવાસ્થે પન્થાઃ

- વી. એસ. ગઢવી, કમિશ્નર, માહિતી આયોગ
ગાંધીનગર

● કમિટમેન્ટ, કન્સ્ટીટન્સી અને ડેડીકેશનને મારા કોટિ-કોટિ વંદન

સલામી સવારની અને સાથે હાઈકુ કે જેમાં સળગતી સમસ્યા કે કરંટ અફેરની વાત હોય. ચિંતનની અટારી સાથે સુવિચારોની સુવાસ મહેકતી હોય. હંમેશા વાંચતા વિચાર આવે કે આવી સુંદર બોધકથા સુરેશભાઈ ક્યાંથી શોધી લાવતા હશે! આ સુપ્રભાતમ્‌ના થાળને દરરોજ સવારે સુપેરે પીરસતા સુરેશભાઈ ને ''સપ્રભાતમ્‌ના ૧૯માં જન્મદિને શુભ-શુભ શુભેચ્છા'' ટહુકો શરૂ કરી અને ૧૮-૧૮ વર્ષ સુધી પરંપરા જાળવી રાખવી એ સી.સી.ડી. એટલે કમિટમેન્ટ,

- નિશિત વ્યાસ,
મહામંત્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ

● ગાંધીનગર સમાચારના વાચકોની સવાર સુરમ્ય, સુનહરી અને પ્રફુલ્લિત બની જાય છે...

આદરણીય, આત્મીય, સ્નેહાળ-સદ્‌ગુણીશ્રી સુરેશભાઈ ભટ્ટ,

ગાંધીનગરાઓના સુપ્રસિદ્ધ, પોતીકા અને પ્રાણવાન દૈનિક ''ગાંધીનગર સમાચાર''માં આપની લોકપ્રિય આગવી, અનોખી કટાર ''સુપ્રભાતમ્''નો ૧૯માં વર્ષમાં શુભ મંગલમય પ્રવેશ થઈ રહ્યો છે તે આનંદમય, ગૌરવપ્રદ ઘટના બદલ હું મારા અંતઃકરણના કોટિ કોટિ વંદન-અભિનંદન પાઠવતાં અનહદ રાજીપો તેમજ પોરહની લાગણી અનુભવું છું.

છેલ્લા ૧૮ વર્ષથી એકધારી સતત, અવિરતપણે આપની લેખણ દ્વારા 'ગાંધીનગર સમાચાર'ના વાંચકોને અત્યંત શિષ્ટ, સંસ્કારી, જીવનઘડતરમાં ભાથારૂપ, પ્રેરક અને પ્રોત્સાહક સુંદર વાંચન સામગ્રીનો રસથાળ ''સુપ્રભાતમ્'' દ્વારા પીરસાઈ રહ્યો છે, જે બદલ ગાંધીનગરનો વાચકગણ આપને ખોબલે-ખોબલે શબ્દપુ"પથી પોંખે-વધાવે એ સહજ છે... સવારમાં જેમ સહુને ચા પીવાની તલપ લાગે એજ રીતે આપની "પ્રેરણાત્મક-ચિંતનાત્મક, હાસ્ય અને વ્યંગથી ચોટદાર, સાંગોપાંગ તેમજ સંબંધકર્તા-શાસકોને, લાગતા-વળગતાઓને આરોપાર ઉતરી જાય તેવી વેધક કલમની પ્રસ્તુતિ ''સુપ્રભાતમ્''ને ય વાંચવાનું કાયમનું બંધાણ અર્થાત વ્યસન થઈ ગયું છે...

અહીં એક વાત કહેવા-લખવાનું ચોસ મન થાય છે કે ''સુપ્રભાતમ્'' દ્વારા સાચે જ ગાંધીનગર સમાચારના વાચકોની સવાર સુરમ્ય, સુનહરી અને પ્રફુલ્લિત બની જાય છે...

તદ્‌ઉપરાંત ''સુપ્રભાતમ્''ના વ્યંગાત્મક મુક્તક અને હાઈકુ દ્વારા એક વાત એ "સ્થાપિત થાય છે કે ''તલવાર કરતાંય કલમ કેટલી ધારદાર અને ચોટદાર છે...!'' ગુજરાતી સાહિત્યના સુવિખ્યાત પ્રકાશક નવભારત સાહિત્ય મંદિર દ્વારા શ્રી સુરેશભાઈ ભટ્ટની ''સુપ્રભાતમ્'' કોલમના કુલ છ સંપુટ પ્રકાશિત થયા છે એ જ એની લોકપ્રિયતાની સબળ પ્રતીતિ છે...

આત્મજ, અનુરાગી અને આદરણીય શ્રી સુરેશભાઈ, ગાંધીનગર સમાચારમાં તમારી ''સુપ્રભાતમ્'' કટારની રજતજયંતિની શાનદાર, યાદગાર ઉજવણી થાય અને મારા જેવા તમારા અસંખ્ય વાચકો-શુભેચ્છકો ય તેમાં સહભાગી બને... જગદ્‌જનની જગદંબા-પરમાત્મા ભગવાન શ્રી રામ તમને હરહંમેશ, સદાય સંપૂર્ણ નિરામયતા બક્ષે... તમે સદૈવ ખુશહાલમાં, મોજમાં રહો... એજ મારી ''સુપ્રભાતમ્''ની ૧૯મી વર્ષગાંઠે સ્નેહભરી અસીમ-અઢળક શુભકામના...

- ભરત કવિ
પ્રમુખ, ગાંધીનગર સાહિત્ય સભા

● પ્રવાહ અવિરત વહેતો રહે

'ગાંધીનગર સમાચાર'માં આવતું આપનું હાઈકુ તથા અન્ય લખાણો વાંચી મારી જેમ ગાંધીનગરાઓ 'સુપ્રભાતમ્'થી દિવસની શરૂઆત કરે છે. તમારી આ સેવાનો પ્રવાહ અવિરત વહેતો રહે તેવી શુભેચ્છા.

- કાન્તિલાલ સા. ભટ્ટ (કા. સા. ભટ્ટ)

● વાંચીને ભુલી જવાનું નહીં, વિચારવાનું મન થાય તે સુપ્રભાતમ્

૧૮ વર્ષ પુરાં કરી આ લોકપ્રિય કોલમ ૧૯માં વર્ષમાં પ્રવેશ કરે છે તે બદલ અભિનંદન.

ઉગતો સૂર્ય અને ઉડતા પક્ષીના પ્રતિક સમ 'સુપ્રભાતમ્' કોલમ ગાંધીનગર સમાચારનું અનેરૂ કોલમ છે. તે દૈનિકનું ઘરેણું છે; તેમ કહીએ તો અતિશયોક્તિ નથી.

કટાક્ષીકા, હાઈકુ, શુભાષિત, સુવિચાર અને બોધકથા તે પંચરંગી રંગોળી સમાન છે.

રાજકારણ, સમાજની દૈનિક ઘટના ઉપર લખાતી કટાક્ષિકા અને હાઈકુ દાદ માંગી લે છે. ઘણીવાર તો એટલી ધારદાર કલમ હોય છે કે, રૂબરૂ ફોન કરી અભિનંદન આપવા પડે.

''સુપ્રભાતમ્'' વાંચવાથી સવારના પહોરમાં એક દૈવિ અનુભવ થાય છે. આટલો ભંડાર તમારી પાસે ક્યાંથી છે તે એક પ્રશ્ન થાય છે.

અનેક મહાન પુરુષોના સુવિચાર ચિંતનાત્મક હોય છે અને સવારમાં વાગોળવા ગમે તેવા હોય છે. પ્રેરણાદાયક હોય છે.

બોધકથા માટે તો કહેવું જ શું? સંક્ષિપ્તમાં ઘણો બોધ આપે છે. બિંદુમાં સાગર જેટલું જ્ઞાન-વિગત-જાણકારી આપે છે. ખરેખર તે બોધદાયક છે. તમારૂ કોલમ દિન-પ્રતિદિન વધુને વધુ લોકપ્રિય બને અને ૨૫માં વર્ષમાં પ્રવેશે તેવી શુભેચ્છા સાથે.

- વિષ્ણુભાઈ પી. વ્યાસ

● ત્રીજું પાનું જોઈને જાગૃત નાગરિકોની સાચી સવાર શરૂ થાય છે.

આપણા ''ગાંધીનગર સમાચાર'' માં ત્રીજું પાનું જોઈને જાગૃત નાગરિકોની સાચી સવાર શરૂ થાય છે. માનવ જીવનને અસરકારક મુખ્ય બાબતો - આરોગ્ય, સલામતી, આર્થિક, ધર્મ, વ્યાપાર-ધંધા, શિક્ષણ અને હવે તો ખાસ રાજકીય ગતિવિધિઓ રોજે રોજના વ્યવહારમાં આપણી સમક્ષ આવે છે.

આ બાબતે ભૂત-વર્તમાન અને ભવિષ્ય કાળમાં (પણ) લાંબાલચક સંભાષણો કરતાં ટુંકી ને ટચ કહેવતો, રૂઢીપ્રયોગો, વ્યંગોક્તિ, વ્યંગચિત્રો, વસ્તુ સ્થિતિને ઘણી જ અસરકારક રીતે જન સમુદાયને સુપેરે પહોંચાડે છે.

મારા મતે આજના રોકેટ યુગમાં શ્રી સુરેશભાઈ ભટ્ટની 'સવારની સલામ' ઉપરના બધા જ ગુણધર્મોનો સમન્વય કરીને આપણને સાંપ્રત હકિકતો-બનાવોથી પારદર્શક રીતે સચેત રાખે છે.

આવી કોલમોનો ધ્યેય તો આમ જનતા પ્રત્યે થતું-આચરાતું ''ખોટું દૂર થાય'' અને ''ખરૂ થવા માંડે'' તે છે, આ હેતુ સચવાય તે શ્રેષ્ઠ માધ્યમ. શ્રી સુરેશભાઈની ''સવારની સલામમાં'' ભોજાભગત-અખા, જેવા મહાનુભાવોના ''ચાબખા'' જેવાં શબ્દ બાણ તમામ જાહેર ક્ષેત્રોના કર્તા-હર્તાઓને વીંધી નાખે છે અને તેમને સાચું કરવા પ્રેરે છે. ફરજ પણ પાડે ને કોઈ કેસમાં નારાજ પણ કરે.

સર્વસત્તાધિશો, એકાધિકારવાદીઓને, ''આરસીમાં'' બતાવવા શ્રી ભટ્ટ કદી ડર્યા નથી કે લોભાયા નથી, અને ''હાઈકુ'' શસ્ત્ર સજાવી રાખે છે. સવારની સલામ-હાઈકુ 'ફૂટનોટ' સંદર્ભોને સાચા મુલવીને જન જાગૃતિને સતત વહેતા રાખે છે...

- અમૃતભાઈ મોટ
પ્રમુખ, વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ

વંદન – અભિનંદન



અમારા આદરણીય પૂજ્ય શ્રી સુરેશભાઇ ભટ્ટની કોલમ 'સુપ્રભાતમ' ગાંધીનગર સમાચારની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે - 'કડક બાદશાહી' જેવી કોલમ સમગ્ર અખબારનું પ્રતિબિંબ પાડે છે. પત્રકારત્વના તમામ પાસાઓની આદર્શ અને અસરકારક અભિવ્યક્તિ એટલે 'સુપ્રભાતમ્'... ગઇકાલનું નિષ્પક્ષ મુલ્યાંકન, આજની અસરકારકતા અને આવતીકાલનો અણસાર આપતી કોલમ 'સુપ્રભાતમ્' ગાંધીનગર સમાચારની સર્વાધિક પ્રિય કટાર છે... અઢાર અઢાર વર્ષથી સાતત્યપૂર્ણ સર્જનને વંદન છે... સમયને ટકોરે લખાણ મોકલવાની ચોકસાઇને પ્રણામ છે. પૂજ્ય શ્રી સુરેશભાઇ ભટ્ટની કલમપ્રસાદીના વાહક બનવા માટે ગાંધીનગર સમાચાર ગૌરવ અનુભવે છે. પૂજ્ય ભટ્ટ સાહેબને અમારા વંદન - અભિનંદન છે.

- કૃષ્ણકાન્ત જહા
તંત્રી

શિક્ષણના મેઘધનુષનું સર્જન કાળાં વાદળાં જેવી સમસ્યાઓ પર એક ઉત્તરના સૂર્ય–પ્રકાશથી થયું છે

શબ્દ સમીપે
- નટવર હેડાઉ

શિક્ષણ એ વ્યક્તિ નિર્માણનો આધાર છે. આધાર સાત્વિક હોય, મજબુત હોય તો એની ઈમારત અડીખમ ઉભી રહી શકે. પ્રત્યેક વ્યક્તિમાં પ્રભુએ પ્રભુતા ભરી છે. દિવ્યતા બક્ષી છે. એ પ્રભુતા, એ દિવ્યતા પ્રગટ કરી સમિષ્ટના શ્રેય માટે કાર્યરત કરવી એ સાચા અર્થમાં શિક્ષણનું કાર્ય છે.

દરેક વસ્તુને બે દૃષ્ટિએ મૂલવી શકાય - સ્થૂળ અને સૂક્ષ્મ. સ્થૂળ દૃષ્ટિથી શિક્ષણને જોઈશું તો એ આપશે કારકિર્દી, કૌશલ્ય, અને ભૌતિકતા, સૂક્ષ્મ દૃષ્ટિથી શિક્ષણને સમજીશું તો એ આપશે કર્તવ્ય સભાનતા, જીવન દૃષ્ટિ અને જીવનની સમજણ. ત્યારે આપણને વર્તમાન યુગમાં કદાચ બંનેની જરૂર છે. સ્થૂળથાની પણ અને સૂક્ષ્મતાની પણ. બંનેનો સુભગ સમન્વય જ આપણને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરૂષાર્થ દ્વારા યોગ્ય રીતે જીવતાં શીખવશે.

શિક્ષણ એ વ્યક્તિને નિર્માણનું પરિબળ છે તેમ સમાજ પરિવર્તનનું પણ અસરકારક માધ્યમ છે. પ્રત્યેક યુગમાં યુગાનુકૂલ પરિવર્તન આવશ્યક છે. માટે શિક્ષણ પ્રવાહી અને પ્રયોગશીલ બનતું રહેવું જોઈએ. સમાજ વ્યવસ્થામાં શિક્ષણનું દાયિત્વ છે. સામાજિક સમરસતા સ્થાપિત કરવાનું. વ્યક્તિ - વ્યક્તિમાં જન્મજાત અને પરિસ્થિતિવશ સર્જાયેલી આર્થિક અને સામાજિક વિષમતાઓને મિટાવી દઈ એકરસ - એકાત્મ સમાજનું નિર્માણ કરવાનું કામ શિક્ષણનું છે. અમીર-ગરીબ, ઊંચ-નીચ, નિર્બળ-સબળ એવા ભેદીને ભુલાવીને બધાને સાથે રાખવાનું કામ શિક્ષણનું છે.

શિક્ષણ વિષેના ઉપરોક્ત ઉમદા વિચારો વાંચ્યા પછી તમને એમ જરૂરથી લાગ્યું હશે કે શિક્ષણનું આ મેઘધનુષ કોણે રચ્યું છે. તો મને કહેવા દો કે ગાંધીનગરમાં બાળ વિશ્વવિદ્યાલયના કુલપતિ હર્ષદ શાહના એ ઉચ્ચ અને પ્રેરણાદાયી વિચારોનું સુંદર પરિણામ આપણને એક એવા પુસ્તક દ્વારા પ્રાપ્ત થયું છે.

હાં, મારે આજે તમને 'શિક્ષણનું મેઘધનુષ' પુસ્તકની વાત કરવી છે. પુસ્તકમાંથી પસાર થતાં કુલ - ૨૮ પ્રકરણોમાં સૂક્ષ્મ દૃષ્ટિએ શિક્ષણ કેવું હોવું જોઈએ. જેના દ્વારકા વિસ્મયનું સર્જન થાય તે સાથે પ્રશ્ન પણ ઉદ્‌ભવે કે શિક્ષણ બંધન માટે કે મુક્તિ માટે? હાલના શિક્ષણમાં રહેલ રાષ્ટ્રીય ચેતનાનો અભાવ. તેના કારણે વર્તમાન શિક્ષણની નીપજની વાત અને શિક્ષણની ગરિમાને લેખકે વાચકને સરળ રીતે સમજાય તેમ મુકી આપેલ છે. તો સાથે સાથે તન-દૂરસ્ત, મનસ્વસ્થનો સર્વાંગીણ શિક્ષણનો મંત્ર આપી ગૃહકાર્યનું ગૃહકાર્ય કરાવતાં પરીક્ષા પછી નિસર્ગ યુનિવર્સિટીમાં વિકાર કરવાનું કહીને શિક્ષણ લોકશક્તિ અને રાજશક્તિ ને કંઈ રીતે પ્રભાવિત કરે તેની વાત સાથે વિદ્યાર્થી સાથે મિત્ર ભાવે ગણિત, શ્રેય અને પ્રેમની વાત કરી પર્યાવરણ દેવોભવ દ્વારા કુદરતી તત્ત્વો સંગે મમતા અને અહોભાવ કેળવાય તે વાત વાચકના ગળે ઉતારવાનો પ્રયત્ન કરાયો છે કેમ કે આ સંક્રાંતિની ક્ષણે આત્મદીપ આ અજવાળે પરિવારની પાઠશાળાનું શિક્ષણ પ્રાપ્તિનું ધ્યેય પણ જણાય છે.

આ પુસ્તકની પ્રસ્તાવના રૂપે 'આદર્શના ઘુમ્મટ પર કૃતિનિષ્ઠ શિક્ષણનો કળશ' વાચકને તેના પ્રવાહમાં ખેંચાવા મજબુર કરે તેવી રીતે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સંશોધન અને શિક્ષણ નિયામક મહેન્દ્ર ચોટલીયાએ મુકી આપીછે. તેઓ એ વાતને સ્પષ્ટ કહે છે કે આ બધા પ્લોટ એકેડેમીક (કોરાં અને શાસ્ત્રીય) લખાણો નથી. શિક્ષણ શાસ્ત્ર વિશેની વિદ્વતાપૂર્ણ ચર્ચા વિચારણાં 'મેઘધનુષ'ને ભારે પડે. અહીં ચિંતન કરતા લેખકની નિસ્બત અને ચિંતાઓ સબળ ભાવ પક્ષ સરળતાથી મુખરિત થયો છે. શિક્ષણ - વિષાદયોગની એ પરિણતીરૂપે માર્ગદર્શન, પરામર્શન અને ધ્યેયસિદ્ધિની યાત્રાની કેડીઓ કંડારાઈ છે. આ પુસ્તકના મેઘધનુષનું સર્જન કાળાં વાદળાં જેવી સમસ્યાઓ પર એક ઉમરના સૂર્ય-પ્રકાશથી થયું છે. ભારતીય દર્શન, મનોવિજ્ઞાન, આધ્યાત્મ જેવી આદર્શ પીઠિકા પર શિક્ષણ વ્યવહારની એકેડેમિક ભારને તેમણે ઉદાહરણો, સૂત્રો, કંડિકાઓ, ચોટૂકડાં અવતરણો અને શબ્દોની લસરપટ્ટી પર રમાડીને ઓગાળી નાખ્યા છે. શિક્ષણના મધ્યમથી શુદ્ધિ, વૃદ્ધિ અને સમૃદ્ધિ અપેક્ષિત છે. આટલી આદર્શલક્ષી ભૂમિકા રચ્યા પછી સીધાં ને સટ વ્યવહારુ સૂત્રો : આંખમાં વિકાસ નહીં, મનમાં ધિક્કાર નહીં, અંતરમાં અંધકાર નહીં ને જીભમાં તિરસ્કાર નહીં.' અને મેકોલના ટાઈ-છાપ શિક્ષણ પર તેમની ખીજ આસ્વાદ્ય છે. શાળામાં બાળકોને સ્માર્ટ બનાવવા માટે બંદીવાન બનાવવા શાળાના સંચાલકો અને વાલીઓ માટે એક વાક્યમાં તેઓ કહે છે કે 'સમજણ વગરની સ્માર્ટનેસ રિફીલ વગરની બોલપેન જેવી અને કોંમ્પ્રેસર વગરના એરકન્ડિશનર જેવી હોય છે.' તથી આડા માટે ચડી ગયેલા હાલના ઈન્ડિયન એજ્યુકેશનને સાર્થક બનાવવા માટે સાંદ્યો બદલીને ગાડીને ભારતીય શિક્ષણના પ્લેટફોર્મ પર લાવવા માટે લેખક પ્રતિબદ્ધ છે. તેમનાં કેટલાક લેખો પ્રત્યક્ષ રીતે ભારતીયતાના શિક્ષણનું દર્શન-માર્ગદર્શન રજૂ કરે છે. જેમ કે શિક્ષણમાં રાષ્ટ્રીય ચેતનાનો અભાવ, ભારતમાં ભારતીય શોધું છું, તેજોમય ભારતના તેજપંથી બનીએ, જેવા વિષયલક્ષી લાગતા લેખોમાં પણ ભારતીયતાના ભગવા તરંગો શિક્ષણનો ધ્વજ લહેવરાતા કહે છે. આમ, તમે આ મેઘધનુષ જોતાં જોતાં મુખ વકાસો ત્યાં તો તત્ત્વજ્ઞાન અને રાષ્ટ્રપ્રેમના અનુપાન સાથે તમને શિક્ષણ-ગુરિકા પાઈ દેવામાં આવે. સાથોસાથ સાહિત્યની સુમધુર- સુપાચક, દાડમવટીનો મુખવાસ પણ અવિરતપણ મળ્યે જ રાખે. કેટલા બધા કવિઓ, સાહિત્યકારો, સંસ્કૃત સાહિત્યમાંથી કાલવીને આપેલી પંક્તિઓ આ વાચનને રસમુધર બનાવતી રહે છે.

આ લેખો-નિબંધો, શિક્ષણશાસ્ત્રના કોઈ સ્કોલર, અભ્યાસુઓ લખેલા નથી. પરંતુ બેંક મેનેજરની શિસ્ત, ગણિતની ચોકસાઈ, વાંચે - ગુજરાતની સાહિત્યપ્રીતિ અને ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ પદની દીક્ષાના અજોડ સમન્વયથી રચાયેલાં વિશિષ્ટ ભાવવિશ્વ અને વિચાર પ્રવાહમાંથી આલેખાયેલાં છે.

'શિક્ષણનું મેઘધનુષ' ના લેખક હર્ષદ પ્ર. શાહના આ ઉપરાંત ઘણાં પુસ્તકો પ્રગટ થયાં છે. જેમાં ચિંતનાત્મક, શૈક્ષણિક, માતૃભાષા ગૌરવ, ઐતિહાસિક, ચરિત્રલેખન જેવા વિષયો પર તેમનું આગવું ચિંતન, મનન અને વૈચારિક દૃષ્ટિકોણનો આપણને પરિચય મળે છે.

આવો આપણો સૌ સાથે મળી શિક્ષણના આ મેઘધનુષના રંગોથી શિક્ષણની નવી દીશા અને ક્ષિતિજ પારના ઉજાસને પામવા પ્રયત્ન કરીએ અને તે માટે લેખકને અભિનંદી પુસ્તકને આવકારીએ.

'શિક્ષણનું મેઘધનુષ', લેખક - હર્ષદ. પ્ર. શાહ
પ્રકાશક - નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૪, કિંમત - રૂા. ૧૨૫/-

નારી સુરક્ષાના ઉપાયો

હું રસ્તે રઝળતી વારતા
અયના કમલેશ

સમયના વહેવા સાથે, શિક્ષણની વૃદ્ધિ સાથે, આર્થિક સમૃદ્ધિ સાથે, સાંસ્કૃતિક પ્રચાર સાથે, કાનૂનોની કડકાઈ સાથે, નારી - ગૌરવના ગાન સાથે સ્ત્રી વધુ મુક્ત, વધુ, નિર્ભય, વધુ સલામત, વધુ સ્વાયત્ત બનવી જોઈએ પરંતુ ભારતીય સમાજમાં એ બન્યું નથી. ભારતીય સંસ્કૃતિનાં મોટા મોટા ગાણાં ગાનારાઓને આવાં ગાણાથી રાજકીય લાભ થયો હશે, પરંતુ સ્ત્રીની હાલત દિનબદીન બગડતી જાય છે. રોજરોજ સેંકડો સ્ત્રીઓ પર આક્રમણ થાય છે, ત્રણ-ચાર વર્ષની બાળકીથી માંડીને પંચોત્તેર વર્ષની વૃદ્ધાઓ પર બળાત્કાર થાય છે.

પરિસ્થિતિ એવી જ નિર્માણ કરવાની જરૂર છે, જેમાં કોઈ દુષ્ટો નારી - દેહ સામે અટકચાળો પણ કરતાં ડરે અને છતાં દુઃસાહસ કરે તો એને એવી સજા મળે કે એનો દાખલો લઈને અન્ય સૌ પણ દુઃસાહસ કરતા અચકાય.

આ રહ્યાં દુષ્ટોને અટકાવા અને જો ન અટકે તો સજા કરવા માટેનાં સૂચનો.

● તમારા પર પૌરુષ આક્રમણ થવાનો સંભવ ઊભો થાય ત્યારે ગભરાશો નહી. થીજી જશો નહિ. આજુબાજુ કોઈ સાંભળે એમ હોય તો છેક આસમાનમાં ગુંજે એવડી મોટી ચીસો પાડો. તમે કદી ત્રણ-ચાર કૂતરાઓ વચ્ચે ઘેરાઈ જનાર પારકી શેરીના કૂતરાને જોયું છે? એની બચાવની યુક્તિ કઈ હોય છે? તીવ્ર અવાજ! જોરદાર વડચકાં!

● ધારો કે તમારે ઘણા માળવાળા મકાનમાં જવાનું હોય ત્યાં દાદર અને લિફ્ટ બંને હોય તો લિફ્ટનો ઉપયોગને પ્રાથમિકતા આપો. દાદરમાં ખૂણા અને રાતનો સમય હોય તો અંધારા ખૂણા હોઈ શકે છે.

● લિફ્ટમાં અજાણ્યો જણ ચડે અને એની આંખ તમને ન ગમે તો જેટલા માળ હોય તે તમામમાં બટન દબાવી દો. લિફ્ટ ઘડી-ઘડીમાં ઊઘડતી હોય એવા સંજોગોમાં પેલો દુષ્ટ આક્રમણ કરવાનું સાહસ નહીં કરે.

● રસ્તા પર ચાલતી વેળા બંને તેટલી બહારની બાજુએ ચાલો. અંધારી કે અલ્પ પ્રકશિત ગલીઓમાં એકલા ચાલવાનું ટાળો. ભલે વધારે ચાલવું પડે. પરંતુ સારી રીતે પ્રકાશિત માર્ગ પસંદ કરો.

● ચાલવાનું જ હોય ત્યારે કાનમાં ઈયર ફોન ઘાલવાનું ટાળો, કારણ કે એને કારણે તમારી પાછળ થતી હિલચાલ તમે સાંભળી શકતા નથી. અરે, એવી વેળાએ ફોન આવે તો પણ વાત ખૂબ ટૂંકમાં પતાવો. લાંબી વાતો કરવી પડે એવો મામલો હોય તો કહો કે અમુક સમય પછી હું સામો ફોન કરીશ. હમણાં વાત અટકાવો.

● તમે એકલાં રહેતાં હો અને ઘર ભણી જતા કોઈ પીછો કરે એવું લાગે તો બહોળા પરિવારવાળા પડોશનાં ઘરમાં જતા રહો. પેલો ભોંઠો પડીને ભાગી જશે અથવા એકદમ ઝડપે ઘરે પહોંચીને ઝડપથી તાળું ખોલીને, પેલો જુએ તે પહેલાં ઘરમાં પેસી જાવ અને બારણું અંદરથી બંધ કરો.

● રસ્તે મળનાર એકલદોકલ પુરૂષ કોઈનું સરનામું પૂછો તો ઝંઝટમાં ઉતર્યા વગર રોકડો નનૈયો ભણી દો. એ માણસને નજીક આવવા ન દો અને વાતચીત કરવા ન દો.

● તમે કારમાલિક હો તો પોતાની કારને અજવાળું આવે એવી જગ્યાએ પાર્ક કરવાની કાળજી રાખો. કામકાજના સમય પછી, સાંજે કે રાતે, કાર ચલાવવા જાવ ત્યારે અંદર દાખલ થતાં પહેલાં તપાસી લો કે માસ્ટર કી વડે કાર ખોલીને કોઈ અંતર તો પેસી નથી ગયું ને? એ માટે પહેલાં કારની અંદરની લાઈટ કરીને પાછલી સીટ જ નહિ, કારને તળીયે પણ કઈ છુપાઈ બેઠું નથી ને, એની ચોકસાઈ કરો, ધારો કે આવી ચોકસાઈ ન કરાઈ અને તમે કારમાં બેસીને એ સ્ટાર્ટ કરી અને પાછળથી કોઈએ તમારી ગરદન પર ખંજર કે પિસ્તોલ અડાડી અને અમુક દિશામાં કાર ચલાવવા ફરમાન કર્યું તો વચ્ચે કયાંક સારી એવી વસતી દેખાય ત્યાં ફૂટપાથ કે રેલિંગ કે ઝાડ સાથે કાર અથડાવીને અકસ્માત કરો. એથી ત